## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ભાઈ ખેસવાળા આ ચૂંટણીમાં હું હારી જઉતો મારું ધ્યાન રાખજે ભાઈલા, અને તું હારીશ તો તારો આ ટોપીવાળો ભાઈ બેઠોક જ છે ને...!!**

# આલમપુરના શખ્સને પાસા હેઠળ વડોદરા મોકલી અપાયો

લોકસભાની ચુંટણીને પગલે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ રાત દિવસ સક્રિય છે. જેને પગલે ગાંધીનગર એલસીબી પોલીસે આલમપુર ગામના શખ્સ ફતેસિંહ ઉર્ફે ગોપાલ સોલંકી સામે પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટને મોકીલ આપી હતી. જેને પગલે આરોપી સામે પાસા અટકાયતી વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. જેને પગલે એલસીબી પીએસઆઈ વાય.જે.રાઠોડને મળેલી બાતમીને આધારે આલમપુર ગામની સીમ ખાતે ઓએનજીસીના વેલ પાસે બોરકુવા પર રહેતા આરોપી ફતેસિંહને પકડીને એલસીબી કચેરી ખાતે લાવવમાં આવ્યો હતો.વોરંટની બજવણી કરી આરોપીને પોલીસ જાપ્તા હેઠળ વડોદરા ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

# હ્યુમન ફાઉન્ડેશન દ્વારા પક્ષી પરબનું વિતરણ કરાશે

ઉનાળાની આગઝરતી ગરમીમાં માનવી પાણી વગર રહી શકતો નથી, તો અબોલ પક્ષીઓ પાણી વગર કેવી રીતે રહી શકે અને એમની વ્યથા કોને જણાવે.. જેને પગલે હ્યુમન ફાઉન્ડેશન દર વર્ષની જેમ આ વર્ષે પક્ષી પરબ વિતરણ કરવામાં આવશે. તા. ૧૩ અને ૧૪ એપ્રિલને શનિ-રવિવારના રોજ પ્લોટ નં. ૫૨૫-૨ નંદનવન સોસાયટી ઘ-૬ કોર્નર નજીક સેકટર-૨૨ ખાતેથી સવારે ૯ કલાકેથી સાંજે ૬ કલાક સુધી વહેલા તે પહેલાના ધોરણે વિનામુલ્યે કુંડા વિતરણ કરવામાં આવશે. જેને સૌ નગરજનોએ નોંધ લેવી તેમજ વધુ જાણકારી માટે મો. ૯૪૨૯૦ ૨૭૬૫૭, ૯૩૭૫૭ ૫૭૯૭૫ પર સંપર્ક કરી શકાશે.



શહેરમાં આગ ઝરતી ગરમી પડી રહી છે. ગરમીમાં નગરજનો શેકાઈ રહ્યાં છે. ત્યારે ઉનાળાના પ્રારંભે શહેરના માર્ગો પર સેવાભાવી નગરજનો દ્વારા ગરમીમાં તરસ્યા નગરજનો માટે પાણીની પરબો ખુલ્લી મુકાઈ છે. ત્યારે સે. ૨૧ શાકમાર્કેટ પાસે બાપા-સીતારામ પાણીની પરબ આવેલી છે. ત્યારે આ પરબની વિશેષતા એ છે કે ગુજરાતની વિવિધ નદીઓના નામ પાણીની ગઢીઓ પર લખાયેલા જોવા મળે છે. જેથી આ પરબમાંથી પાણી પીતા તરસ્યા નગરજનોનો મોંમા નદીના નીર પીધા હોય તેવો આનંદ જોવા મળે છે.

# ઘ માર્ગ પર ઈ-બાઈક - એસટી બસ વચ્ચે થયેલા અકસ્માતમાં ડ્રાઈવર સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના હાર્દ સમા ઘ માર્ગ પર કોર્ટની સામે બસ અને ઈ બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેને પગલે ઈજાગ્રસ્ત કિશોરીના પિતાએ એસટી બસના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

બનાવની પ્રાપ્ત માહીતી મુજબ શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર છાપરા ખાતે રહેતી કિશોરી તહેરીન મહંમદ જહીર કુરેશી ઈ-બાઈક લઈને નીકળી હતી. તે સમયે ઘ માર્ગ પર કોર્ટ સામેના કટ પાસે એસટી બસના ચાલક જી.જે.૧૮. વાય.-૯૫૩૬ ના ચાલકે ઈ બાઈકને ટક્કકર મારી હતી. જેથી ઈ બાઈક ચલાવતી કિશોરી નીચે પટકાઈ હતી. જેને પગલે તેને શરીરે તેમજ માથમાં નાની મોટી ઈજાઓ પહોંચી હતી. કિશોરીને પહેલા ગાંધીનગર સિવિલ અને ત્યારબાદ અમદાવાદ સિવિલ સારવાર માટે લઈ જવાઈ હતી. ત્યારબાદ કિશોરીને શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હોસ્પિટલમાંથી આ કિશોરીને ગત તા.૮ માર્ચના રોજ રજા આપવામાં આવી હતી. કિશોરીના પિતા અને એસટીના ચાલક નરસિંહભાઈ ચૌધરી (રહે.ચરાડા તા.માણસા) વચ્ચે સમાધાનની વાતો ચાલતી હતી. પરંતુ કિશોરીનો સારવારનો ખર્ચ વધી જતા સમાધાન આખરે ન થતા કિશોરીના પિતાએ સે-૭ પોલીસ મથકમાં એસટીના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે. ૨૪ ખાતે કોંગ્રેસનો પ્રચાર ઝુંબેશ

લોકસભાની ચૂંટણીને લઈ બંને રાજકીય પક્ષના ઉમેદવારોએ પોતાનો પ્રચાર-પ્રસાર વેગવંતો બનાવી દીધો છે. પોતપોતાના ઉમેદવારોને વિજયી બનાવવા માટે કાર્યકરો હાલ રાત-દિવસ એક કરી રહ્યા છે. ત્યારે કોંગ્રેસના કાર્યકરો દ્વારા સે. ૨૪ ખાતે ડોર-ટુ-ડોર પ્રચાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

# કાળઝાળ ગરમીથી બચવા ઠેર-ઠેર પાણીની પરબો શરૂ

## પાણીની પરબો પર માટલાની જગ્યાએ ઠંડા પાણીના કૂલર મુકાય છે મુખ્ય માર્ગો પર ઠેર ઠેર દાનવીરો આવી પરબો શરૂ કરાવે છે

ગાંધીનગર, તા.૧૨

આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. આકરી ગરમીથી બચવાનો એક માત્ર ઉપાય એ છે કે સતત ઠંડુ પાણી પીતા રહેવું. જો કે બધાના નસીબમાં ઠંડુ પાણી પીવાનું તો કયાંથી લખ્યું હોય. રાહદારીઓ, શ્રમજીવીઓ અને ઝુંપડાવાસીઓને આકરા ઉનાળામાં ઠંડુ પાણી મળી રહે તે માટે શહેરમાં ઠેર ઠેર પાણીની પરબો શરુ કરવામાં આવી છે.



એપ્રિલ માસ આ વર્ષે આકરો રહ્યો છે એપ્રિલ માસના પ્રારંભે જ મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રીને વટાવી ગયું છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવો તડકો પડી રહ્યો છે. ઘરની બહાર નીકળી શકાતું નથી. આવી કારમી ગરમીમાં જેને ફરજીયાત બહાર નીકળવું પડે છે તેવા ફેરીયાઓ, શ્રમજીવીઓ, લારીગલ્લાવાળાઓ અને ઝુંપડાવાસીઓની હાલત કફોડી બને છે. આકરા તડકામાં સતત ફરતા રહેવું પડે તો લૂ લાગવાથી બિમાર પડી શકાય છે. શરીરમાંથી ઝડપથી પાણી શોષાઈ જતું હોવાથી ઉનાળા દરમિયાન વારંવાર ઠંડુ પાણી પીવાની સલાહ આપવામાં આવે છે જેમની પાસે ફ્રીજની સુવિધા છે તેઓ માટે ઠંડુ પાણી મેળવવું આસાન છે પરંતુ જેઓ સતત બહાર ફરતા રહે છે તેઓ માંડ માંડ પીવાનું પાણી મેળવી શકે છે. ત્યાં ઠંડા પાણીની તો વાત જ કયાંથી થાય. જો કે ગાંધીનગરમાં એવા દાનવીરો છે જેઓ રાહદારીઓ માટે ઠંડા પાણીની સુવિધા વિના મૂલ્યે મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી દે છે.

શહેરના મુખ્ય માર્ગો અને જાહેર સ્થળોએ ઉનાળો શરૂ થતા જ ઠંડા પાણીની પરબો શરૂ થઈ જાય છે. ઠંડા પાણીની જરૂરીયાત સતત સંતોષાતી રહે તે માટે દાનવીરો સતત ધ્યાન રાખે છે. જો કે આ પરબોમાં માટલાનું સ્થાન કૂલરોએ લઈ લીધું છે. માટલાઓમાં દરરોજ ચોખ્ખું પાણી ભરવાની કડાકૂટ રહેતી હોવાથીઅહીં કૂલરોની વ્યવસ્થા કરવામાં આવે છે. ઠંડા પાણીના કૂલરોની વ્યવસ્થા કરતી એજન્સીને જ આ કામ સોંપી દેવાય છે.

નિયત કરેલા સમયે અને સ્થળે નિયમિત રીતે આવા કૂલરો ગોઠવાઈ જ જાય છે. આવા કૂલરો પર ગરમીની અસર થતી ન હોવાથી આખો દિવસ પાણી ઠંડુ રહે છે. રાહદારીઓ, શ્રમજીવીઓ અને ઝુંપડાવાસીઓ આવી પરબોનો લાભ આખા ઉનાળા દરમિયાન લે છે. કોઈ નામ વિના, કોઈ પ્રસિધ્ધિ કે જાહેરાત વિના આવી 'પાણી સેવા' કરનારાઓ પણ આ શહેરમાં મળી રહે છે.



## માહેશ્વરી સમાજ દ્વારા ગણઘોરની ઉજવણી કરાઈ

માહેશ્વરી સમાજ ગાંધીનગર દ્વારા તાજેતરમાં ગણઘોર ઉત્સવની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. સેકટર-૨૪, ૨૫ અને ૨૭ માં ડી.જે.સંગીતના તાલે માહેશ્વરી સમાજ દ્વારા ભવ્ય યાત્રા નીકાળવમાં આવી હતી. જેમાં સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં જોડાયા હતા. સેકટર-૨૫ ખાતે ધાર્મિક રીતી રિવાજ પ્રમાણે ભગવાનના લગ્ન કરાવવામાં આવે છે. માહેશ્વરી સમાજ દ્વારા આ પ્રસંગની ભવ્ય રીતે દબદબાભેર ઉજવણી કરાય છે.

# વલાદ કાલી કલાધામમાં ચૈત્રી નવરાત્રી નિમિત્તે આઠમે મહાઆરતી અને નોમે હવન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના વલાદ ગામે આવેલા 'કાલિ કલાધામ'ના પ્રખ્યાત ધાર્મિક સ્થાન આવેલું છે. જ્યાં ચૈત્રિ તથા આસો માસની નવરાત્રી ભારે ધામધૂમથી ગાદીના મહંત અનિલકુમાર સરજુદાસજીના નિશ્રામાં ઉજવાય છે. જેમાં મોટી સંખ્યામાં હજ્જારો ભાઈ-બહેનો જોડાય છે.

કાલિ-કલાધામ ખાતે પ.પૂ. ૧૦૦૮ શ્રી કલાજી રાઠોડની ગાદી વર્ષોથી ભરાય છે. પ.પૂ. કલાજી મહારાજની ગાદી આખા ભારતમાં બે હજાર ઉપરાંત સ્થાનોએ એકી સાથે રવિવારના રોજ ભરાય છે. જ્યારે માત્ર ગુજરાતમાં વલાદ ખાતે જ દર પખવાડિયે મંગળવારે ભરાય છે. જેનો લાભ હજારો શ્રદ્ધાળુઓ લે છે.

તાજેતરમાં ૬ એપ્રિલથી શરૂ થતી ચૈત્ર માસની નવરાત્રી અહીં ભારે ધામધૂમથી ઉજવાઈ રહી છે, જેમાં તા. ૧૩મી એપ્રિલના રોજ આઠમે રાત્રે ૧૨ વાગે મહારતી યોજાશે. જ્યારે તા. ૧૪મી એપ્રિસલના રોજ નોમના દિવસે મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ છે. પૂર્ણાહુતિ સાંજે ૫ વાગે શ્રીફળ હોમીને કરવામાં આવશે.


આ ચેત્ર માસની નવરાત્રીમાં પ.પૂ. શ્રી કલાજી મહારાજની ગાદી નવે નવ દિવસ ભરાય છે. આ દિવસોમાં કલાજી મહારાજનો ભાવિક ભક્ત સમુદાય ગુજરાત-સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હીથી અહીં આવી ભારે ઉમંગભેર દર્શનનો લાભ લે છે.

# મતદાન માટે રાજસ્થાની શ્રમયોગીઓને રજા આપવી

રાજસ્થાન રાજ્યમાં તા. ૨૯ એપ્રિલ તથા ૬ મે ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. આથી રાજસ્થાન રાજ્યના રહેવાસી હોય અને નોકરી ધંધા માટે ગુજરાત રાજ્યમાં રહેતા હોય તેવા રાજસ્થાન મતદારો મતદાનના દિવસે મતદાન કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ એક્ટ હેઠળ સંસ્થાનિક સંસ્થાઓ, ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો અને સહકારી બેંકો, રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ, રેલવે, ટેલિફોન, તાર અને પોસ્ટ જેવી કેટલીક કચેરીઓ, દુકાનો, વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ/કચેરીઓને ચૂંટણીના સંબંધિત દિવસે અઠવાડિક રજાની બદલીમાં વૈકલ્પિક વ્યવસ્થા કરીને આવા કર્મચારીઓ/શ્રમયોગીઓને મતદાન માટે ખાસ રજા આપવા આથી જણાવવામાં આવે છે.

## સેકટર-૨૨ માંથી વૃધ્ધા ગુમ થયેલ છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ બ્લોક નં.૬૦-૩ જ ટાઈપ ખાતે રહેતા રાજેશભાઈ બાલુભાઈ વાઘેલાના માતા મંજુલાબેન વાઈફ ઓફ બાલુભાઈ વાઘેલા ઉં.વ.૭૫ ગત્ તા. ૬-૪-૧૯ ને બપોરે ૧ કલાકથી સાંજના ૬ કલાક દરમિયાન ઘરેથી ગુમ થયેલા છે. વૃદ્ધાએ શરીરે આસમાની રંગની ડીઝાઈનવાળી સાડી તથા આસમાની બ્લાઉઝ પહેરેલ હતો. તેમજ તેઓના બંન્ને પગના અંગુઠા પાકી ગયા છે. આ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે રાત્રીના ૯.૩૦ કલાકે ગત્ તા.૮-૪-૧૯ ના રોજ જાણવાજોગ ફરીયાદ આપી છે. આ ગુમ થનાર વૃધ્ધા અંગે કોઈપણ વ્યકિતને માહિતી મળે તો તેઓએ સેકટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.




કેમલ મિલ્કની એક્સપાયરી તારીખ ન થઈ હોવા છતાં બગડી જતાં ગાંધીનગરના ગ્રાહકે સત્તાવાહકો સામે રજૂઆત કરી હતી. માર્કેટીંગ મેનેજરે પત્રકાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, સમગ્ર બાબતની તપાસ કરાશે. છતાં ગ્રાહકોએ ૪ ડિગ્રી તાપમાનમાં મિલ્ક રાખવું જોઈએ એવો આગ્રહ પણ અમે રાખીએ છીએ.

# ગુજરાતમાં ભાજપ માટે ૧૩ બેઠકો સલામત, ૪માં ફાઈટ

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો પૈકી ૧૩ બેઠકો ભાજપ માટે સલામત છે, એટલે કે આ બેઠકોમા્ ભાજપનો વિજય આસાન છે પરંતુ ૪ બેઠકો એવી છે કે જ્યાં પ્રતિસ્પર્ધી કોંગ્રેસ સાથે સીધી સ્પર્ધા છે.

વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસના મતદાનની ટકાવારી અને બેઠકોમાં વધારો થયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ભાજપને પછડાટ મળી છે. આ બેઠકોમાં આવતા લોકસભા વિસ્તારમાં કોંગ્રેસને મળેલા મતોનું વિશ્લેષણ કરવામાં આવે તો રાજ્યની જામનગર, દાહોદ, ભરૂચ અને બીરડોલી લોકસભા બેઠકોમાં ભાજપને મળેલું જીતનું માર્જીન ખૂબ ઓછું છે. આ ચાર બેઠકોમાં ભાજપના ઉમેદવારની સીધી ફાઈટ કોંગ્રેસના ઉમેદવાર સામે છે. ભાજપને ૯૧ વિધાનસભા મતવિસ્તારમાં મળેલી સરસાઈ એટલી બધી વધારે છે કે જ્યાં કોંગ્રેસની જીતની શક્યતા ઓછી છે. આ વિસ્તારોમાં અમદાવાદની બે બેઠકો ઉપરાંત, ગાંધીનગર, સુરત, વડોદરા, ભાવનગર, છોટાઉદેપુર, નવસારી, ખેડા, પંચમહાલ, વલસાડ, કચ્છ અને રાજકોટ લોકસભા વિસ્તાર આવે છે.

એવી જ રીતે કોંગ્રેસને ૬૩ વિધાનસભા વિસ્તારની બેઠકોમાં મળેલી સરસાઈ તેને લોકસભાની ૯ બેઠકોમાં મોટો ફાયદો કરાવી શકે છે. કોંગ્રેસ માટે જીતી શકાય તેવી બેઠકોમાં પોરબંદર, જૂનાગઢ, આણંદ, અમરેલી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર અને સાબરકાંઠા છે. લોકસભાની આ બેઠકોમાં કોંગ્રેસના ધારાસભ્યોની સરસાઈ ખૂબ વધારે છે.

એટલે કે વિધાનસભામાં બન્ને પાર્ટીના ધારાસભ્યોને મળેલા મત જોતાં લોકસભાની ૨૬ બેઠકો પૈકી ૧૩ બેઠકોમાં ભાજપના ઉમેદવારો આસાનીથી ચૂંટણી જીતી શકે છે. ૯ બેઠકોમાં કોંગ્રેસ માટે ચિત્ર સારૂં છે, જ્યારે ૪ બેઠકોમાં બન્ને પાર્ટીઓ વચ્ચે સીધી સ્પર્ધા છે.

જો કે પાર્ટીના ઉમેદવાર, સ્ટાર પ્રચારકોની અસર, સ્થાનિક મુદ્દાઓ, નરેન્દ્ર મોદીનો કરિશ્મા સહિતના બીજા પરિબળોને ધ્યાનમાં રાખીએ તો સરવાળે કોંગ્રેસને મોટુ નુકશાન છે. કોંગ્રેસને રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં મતો મળી શકે છે પરંતુ શહેરી વિસ્તારના મતો ભાજપના ઉમેદવારો ખેંચી જતાં કોંગ્રેસના ઉમેદવારો માટે જીતની બાજી હારમાં પલટાઈ શકે છે.

# અલ્પેશ સામે ઠાકોર સમાજ નારાજ, ધારાસભ્ય પદ પણ જઈ શકે છે

ગાંધીનગર

ઉત્તર ગુજરાતમાં ભાજપના ધારાસભ્યોને વિજયી બનાવવા માટે કોંગ્રેસના પૂર્વ નેતા અલ્પેશ ઠાકોર સામે તેના સમાજના આગેવાનો નારાજ છે. બીજી તરફ કોંગ્રેસ જો પગલાં લેશે તો તેણે તેનું ધારાસભ્ય પદ પણ ગુમાવવું પડશે. કોંગ્રેસ સાથે બગાવત કરીને અલ્પેશે તેની રાજકીય કારકિર્દી પર પ્રશ્નાર્થ મૂકી દીધું છે.

કોંગ્રેસ છોડ્યા પછી અલ્પેશ ઠાકોર, ધવલસિંહ ઝાલા અને ભરતજી ઠાકોર કોંગ્રેસના ઉમેદવારોની વિરૂદ્ધમાં પ્રચાર કરી રહ્યાં છે તેનાથી ઠાકોર સમાજના આગેવાનો છંછેડાયા છે. ઉત્તર ગુજરાતમાં ઠાકોર સેનાના સભ્યો અલ્પેશ ઠાકોરથી છેડો ફાડી રહ્યાં છે. રાધનપુરના ગોવિંદજી ઠાકોર કહે છે કે ઠાકોર સેના કોંગ્રેસના સમર્થનમાં છે અને પાટણના ઉમેદવાર જગદીશ ઠાકોરને જીતાડશે. પાટણમાં મળેલી ઠાકોર સમાજની બેઠકમાં અલ્પેશનો બહિષ્કાર કરવાનું એલાન જાહેર કરવામાં આવ્યું છે.

બીજી તરફ કોંગ્રેસમાંથી રાજીનામું આપનારા ત્રણ ધારાસભ્યો અલ્પેશ ઠાકોર, ભરતજી ઠાકોર અને ધવલસિંહ ઝાલાની મુશ્કેલીઓમાં વધારો થયો છે. કોંગ્રેસના સ્થાનિક કાર્યકરોએ અલ્પેશની કોંગ્રેસ વિરોધી પ્રવૃત્તિની જાણ હાઈકમાન્ડને કરી છે તેથી કોંગ્રેસ અલ્પેશ ઠાકોર અને તેના બે અન્ય સાથીઓ ભરતજી અને ધવલસિંહનું પ્રાથમિક સભ્યપદ રદ કરી તેઓનું ધારાસભ્ય પદ છીનવી શકે છે. કોંગ્રેસ ઈચ્છે તો આ ત્રણેય સભ્યોના રાજીનામા મંજૂર કરીને વિધાનસભાના અધ્યક્ષને નોટીસ મોકલી શકે છે.

કોંગ્રેસે તરફથી ત્રણેય સભ્યોના રાજીનામાં મંજૂર કરવા વિધાનસભા અધ્યક્ષને લખીને મોકલવાનું હોય છે. જો ત્રણેયના સભ્યપદ રદ થાય તો તેઓ ધારાસભ્ય પદે રહી શકતા નથી. આ ત્રણેય બેઠકો ખાલી પડે છે જ્યાં છ મહિનામાં પેટા ચૂંટણી કરવાની થાય. કોંગ્રેસ આ મુદ્દે કાયદાકીય સલાહ લઈ રહી છે. લોકસભાની ચૂંટણી પછી કોંગ્રેસ આ ત્રણેય સભ્યોને શિસ્તભંગ બદલ પ્રાથમિક સભ્યપદેથી દૂર કરીને તેમના ધારાસભ્યના પદ છીનવી શકે છે.

# કોંગ્રેસની વોટબેંકની નીતિને લોકો હવે ઓળખી ચુક્યા છે

## ચોકીદાર વધારે પાંચ વર્ષ રહેશે તો આપણા બધાની ચોરી ખુલ્લી પડી જશે તેમ ભેગી થયેલી ટોળકી સમજી ચુકી છે

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજરોજ અમરેલી લોકસભાની જાફરાબાદ વિધાનસભા વિસ્તાર ખાતે યોજાયેલ જનસભાને સંબોધતાં જણાવ્યું હતું કે, આ ચૂંટણી રાષ્ટ્રના નેતૃત્વની પસંદગી માટેની હોઈ, આ ચૂંટણીનું પોતાનું આગવું મહત્વ છે. મ્યુનિસિપાલિટી કે પંચાયતની ચૂંટણીઓમાં સ્થાનિક મુદ્દાઓ હોય છે જેવા કે ગટર-પાણી-વિજળી. રાજ્યની ચૂંટણીમાં વિસ્તારના વિકાસની ચર્ચા હોય છે, જ્યારે લોકસભાની ચૂંટણીમાં દેશના પ્રશ્નોની ચર્ચા હોય છે, દેશ કોના હાથમાં સલામત છે તેની ખાસ ચર્ચા થતી હોય છે.

ભારત દેશ આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હાથમાં સલામત, સમૃધ્ધ અને સક્ષમ છે. ભાજપા ભારત દેશને દુનિયાના સૌથી શક્તિશાળી અને આર્થિક રીતે સંપન્ન દેશ બનાવવાનું સ્વપ્ન લઈને ચાલી રહી છે. રૂપાણીએ જણાવ્યુ હતુ કે, જમ્મુ કાશ્મીરમાં તથા ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસનો હાથ પકડનારા ડૂબ્યાં જ છે. ઉરીની ઘટના પછી સર્જીકલ સ્ટ્રાઈક દ્વારા પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપીને ભારતે પોતાનું સામર્થ્ય પૂરવાર કર્યુ છે. જાત-પાત-ધર્મના આધારે દેશને તથા રાજ્યને વિભાજીત કરવાની કોંગ્રેસની વોટબેંકની રાજનીતિને દેશની પ્રજા સુપેરે ઓળખી ચૂકી છે. કોંગ્રેસ અને ગઠબંધનમાં ભેગા થયેલી ટોળકીને ખબર છે કે, આ ચોકીદાર વધુ પાંચ વર્ષ રહેશે તો આપણા બધાની ચોરી ખુલ્લી પડી જશે. આપણે બધા જેલના સળીયા પાછળ અવશ્ય જવાના છીએ. તેથી બધા ભેગા થઈને ગોકીરો મચાવી રહ્યા છે, મોદી હટાવો...મોદી હટાવો... જે પાર્ટીના ઘરમાં લોકશાહી ન હોય તે દેશમાં લોકશાહીનો સ્વીકાર કેવી રીતે કરી શકે? તે જણાવી સરદાર સાહેબ વિશે વાત કરતાં રૂપાણીએ જણાવ્યું હતુ કે, રાજ્યોની કોંગ્રેસ કમિટિએ કે જેમાં કોંગ્રેસના મોટા ખમતીધર નેતાઓ હતા તેમણે સરદાર પટેલને વડાપ્રધાન બનાવવા માટે પોતાના મત આપ્યા હતા જ્યારે પંડિત નેહરૂને આંગળીને વેઢે ગણાય તેટલા જ મત મળ્યા હતા છતાં કારસો રચીને સરદાર પટેલને અન્યાય કરીને વડાપ્રધાન બનવાથી રોકી દીધા હતા. તે સમયે જો સરદાર પટેલ વડાપ્રધાન બન્યા હોત તો કાશ્મીરની સમસ્યા આજે સળગતી ન હોત. ભાજપાની સરકારે દેશના દરેક નાગરિકો બુનિયાદી જરૂરિયાતોથી વંચિત ન રહે તેને હંમેશા પ્રાધાન્ય આપ્યુ છે. સામાન્ય નાગરિકોની ચિંતા કરતી આ ભાજપા સરકારે સાથે સાથે મુળભૂત સૂવિધાઓ અને પ્રજાના સ્વસ્થ્યની દરકાર રાખીને અભૂતપૂર્વ ગતિથી કામગીરી કરી છે.

ભાજપાની સરકારનો એકમાત્ર ધ્યેય છે કે એક નવા ભારતનું નિર્માણ કે જેના પ્રત્યેક નાગરિકોને મૂળભુત સુવિધાઓ ઉપલબ્ધ હોય, દરેક નાગરિક શિક્ષિત અને સુરક્ષિત હોય, વૈશ્વિક કક્ષાએ બદલાતા પ્રવાહો સાથે કદમ મિલાવવા સુસજ્જ હોય. આ પ્રસંગે રૂપાણીએ અંતમાં આહ્વાન કર્યુ હતું કે, ગુજરાત રાજ્યમાં ૨૩ એપ્રિલના રોજ લોકશાહીનું પવિત્ર પર્વ યોજાવાનું છે, ત્યારે સૌ મતદારો આ પર્વને ધામધૂમથી ઉજવીને વિકાસની રાજનીતિને પ્રચંડ પ્રતિસાદ આપી વિજયી બનાવશે.